*This Question Paper contains 8 printed pages.*

Seat No.:

Sl. No. :

# 136(G)

**(February, 2025)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ વિભાગો છે.
2) આ પ્રશ્નપત્રમાં કુલ 64 પ્રશ્નો છે.
3) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.
4) પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખો.
5) નવો વિભાગ નવા પાના ઉપર લખો.

## વિભાગ - A

■ નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 20 સુધીના પ્રશ્નોમાં આપેલા બહુવિકલ્પોમાંથી પ્રત્યેક પ્રશ્નમાં સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. દરેકનો 1 ગુણ છે. **[20]**

1) મૂળભૂત તાર્કિક કારકો કેટલા છે ?

(A) પાંચ (B) ત્રણ

(C) ચાર (D) બે

2) (P & Q) V~P ના સત્યતા કોષ્ટકમાં કેટલા આદ્યસ્તંભ આવે છે ?

(A) ત્રણ (B) પાંચ

(C) બે (D) ચાર

3) જે દલીલ અપ્રમાણભૂત ન હોય તે દલીલ કેવા પ્રકારની હોય છે ?

(A) પ્રમાણભૂત (B) સત્ય

(C) અસત્ય (D) શંકાસ્પદ

4) દલીલમાં ફલિત વિધાનની સંખ્યા કેટલી હોય છે ?

(A) બે (B) એક

(C) ચાર (D) ત્રણ

5) ઉત્તરાંગના નિષેધ પરથી પૂર્વાંગના નિષેધને લગતા નિયમને સંક્ષેપમાં શું કહે છે ?

(A) HS (B) MT

(C) DS (D) MP

6) $p \vee q$ અને $\sim q$ તેથી p આ રૂપ કયા નિયમનું છે ?

(A) Add (B) CD

(C) MT (D) DS

7) સંવિધાનના ફલિત વિધાનના ઉદ્દેશ્યપદને શું કહેવાય છે ?

(A) મધ્યપદ (B) સાધ્યપદ

(C) વિધેયપદ (D) પક્ષપદ

8) કઈ આકૃતિમાં મધ્યપદ બંને આધાર વિધાનોમાં ઉદ્દેશ્યને સ્થાને હોય છે ?

(A) પહેલી (B) બીજી

(C) ત્રીજી (D) ચોથી

9) સરખા સંયોગો હાજર હોય તો સરખું જ પરિણામ આવે છે. આ વાક્ય શું સૂચવે છે ?

(A) પ્રકૃતિની એકરૂપતા

(B) કાર્યકારણનો નિયમ

(C) સહપરિવર્તન

(D) વ્યતિરેક પદ્ધતિ

10) કઈ વ્યાપ્તિ કાર્યકારણ સંબંધ સ્થાપે છે ?

(A) વૈજ્ઞાનિક વ્યાપ્તિ

(B) અવૈજ્ઞાનિક વ્યાપ્તિ

(C) સાદી ગણનામૂલક વ્યાપ્તિ

(D) નિગમન

11) ભારતીય તર્કશાસ્ત્રમાં નૈયાયિકોએ કેટલાં પ્રમાણોનો સ્વીકાર કર્યો છે ?

(A) બે (B) ત્રણ

(C) ચાર (D) પાંચ

12) 'એક બાબતની હાજરીની સાથે બીજી બાબતની હાજરી હોવી' એટલે શું ?
(A) વ્યભિચાર ગ્રહ
(B) અન્વય
(C) વ્યતિરેક
(D) સામાન્ય લક્ષણ પ્રત્યક્ષાનુભૂતિ

13) હકીકતલક્ષી વિધાનોની વિશેષતા કઈ છે ?
(A) વિધાયકતા
(B) વર્ણનાત્મકતા
(C) ભાવાત્મકતા
(D) અનુભવાત્મકતા

14) કયા ધનને શ્રેષ્ઠ ધન કહ્યું છે ?
(A) ચલણી નાણું
(B) સુવર્ણ મુદ્રા
(C) બચાવેલું ધન
(D) વિદ્યારૂપી ધન

15) 'રિલિજિયન' શબ્દનો અર્થ શું થાય છે ?
(A) ધારણ કરવું
(B) ટકાવી રાખવું
(C) ફરી બાંધવું
(D) અનુકૂળ થવું

16) "નિરંતર પ્રાર્થના કરતા રહો" આ આજ્ઞા કયા ધર્મગ્રંથમાં છે ?
(A) બાઈબલ
(B) માનવ ધર્મ
(C) કુરાન
(D) આપણો ધર્મ

17) જગતમાં વિદ્યમાન ધર્મોમાં અર્વાચીન ધર્મ કયો છે ?
(A) હિન્દુ ધર્મ
(B) તાઓ ધર્મ
(C) ઇસ્લામ ધર્મ
(D) શીખ ધર્મ

18) "ન્યાય ભાવના" એ કયા ધર્મનો નૈતિક સિદ્ધાંત છે ?
(A) યહૂદી ધર્મ
(B) શીખ ધર્મ
(C) ઇસ્લામ ધર્મ
(D) જૈન ધર્મ

19) પાંચ યમોમાં મુખ્ય યમ કોને માનવામાં આવે છે ?
(A) સત્ય
(B) બ્રહ્મચર્ય
(C) અપરિગ્રહ
(D) અહિંસા

20) અષ્ટાંગ યોગમાં બહિરંગો કેટલા છે ?
(A) એક
(B) ત્રણ
(C) ચાર
(D) પાંચ

## વિભાગ - B

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 21 થી 30 સુધીના પ્રશ્નોના એક-બે શબ્દોમાં જવાબ લખો. દરેકનો 1 ગુણ છે.** [10]

21) જેને સ્થાને કોઈપણ વિધાન મૂકી શકાય એવા પ્રતીકને શું કહે છે ?

22) દલીલનું મૂલ્યાંકન કઇ ભાષામાં થઈ શકે છે ?

23) સોપાધિક સંવિધાનના લગતા નિયમને સંક્ષેપમાં શું કહે છે ?

24) સંવિધાનમાં ફલિત વિધાનના વિધેય પદને શું કહેવાય છે ?

25) કયા નિયમને આધારે કહી શકાય "હંમેશા ગરમીથી પદાર્થ ફૂલે છે." ?

26) પંચાવયવી અનુમાનનો પાંચમો અવયવ કયો છે ?

27) કેન્ટ કયા મૂલ્યને અગ્રતા આપે છે ?

28) "સ્નેહ" નું બીજું નામ શું છે ?

29) ત્રિપિટક કયા ધર્મનો ધર્મગ્રંથ છે ?

30) ભારતે વિશ્વને આપેલું અમૂલ્ય નજરાણું શું છે ?

## વિભાગ - C

■ **નીચેના 31 થી 44 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં લખો. દરેક પ્રશ્નના 2 ગુણ છે.** [20]

31) '∨' નું સત્યતાકોષ્ટક રચો.

નીચે આપેલાં પ્રશ્નનો જવાબ આપો. - નોંધ (માત્ર દષ્ટિહીન વિદ્યાર્થી માટે)

સમુચ્ચયનું લક્ષણ લખો.

32) (સૂર્ય ગરમ છે અને ચંદ્ર શીતળ છે) આ સંયુક્ત વિધાનની પ્રાતીક રજૂઆત કરી તેનો પ્રકાર જણાવો.

33) નીચેની દલીલ પ્રમાણભૂત બને એ રીતે ખાલી જગ્યા પૂરો અને એ દલીલ માટેના જે પ્રમાણભૂત રૂપનું સ્થાનાપત્તિ નિદર્શન હોય, તે રૂપ લખો.

$J \rightarrow (K \& R)$

~(K&R)

______________

$\therefore \quad \sim J$

34) Simp.ના નિયમનું કથન અને રૂપ લખો.

35) સંવિધાનની આકૃતિઓ કેટલી છે ? તેના નામ લખો.

36) નીચેના સંવિધાનની આકૃતિ અને ભેદ જણાવો.

સર્વ માંસાહારી પ્રાણીઓ હિંસક છે.

કેટલાક પશુઓ માંસાહારી પ્રાણીઓ છે.

∴ કેટલાક પશુઓ હિંસક છે.

નીચે આપેલાં પ્રશ્નનો જવાબ આપો.

મધ્યપદ કોને કહેવાય ? - નોંધ (માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થી માટે)

37) વ્યાપ્તિકરણના તાત્ત્વિક આધારો કેટલા છે ? કયા કયા ?

38) અવિનાભાવ સંબંધનો શબ્દાર્થ સમજાવો.

39) શારીરિક મૂલ્યોના ઉદાહરણો આપો.

40) ઉત્પાદક મૂલ્યનું લક્ષણ અને ઉદાહરણ આપો.

41) મનુષ્યો અને પ્રાણીઓમાં કઇ બાબતોમાં સામ્યતા જોવા મળે છે ?

42) ધાર્મિક જીવનનું હાર્દ શું છે ?

43) આચરવા યોગ્ય સદ્‌ગુણોના નામ જણાવો. (કોઇપણ ચાર)

44) અંતરંગોમાં કયા ત્રણ અંગોનો સમાવેશ થાય છે ?

## વિભાગ - D

**નીચે આપેલા પ્રશ્નક્રમાંક 45 થી 58 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** **[30]**

45) સત્યતાકોષ્ટકની રીતનો ઉપયોગ કરી નીચેના વિધાન માટેના રૂપનો પ્રકાર નક્કી કરો :

$(p \vee q) \rightarrow (p \& q)$

નીચે આપેલાં પ્રશ્નનો જવાબ આપો.

નોંધ : (માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થી માટે)

વિધાન માટેનાં સ્વ-વ્યાઘાતી રૂપની સમજૂતી આપો.

46) સત્યતાકોષ્ટકની પ્રત્યક્ષ રીતનો ઉપયોગ કરીને નીચેની દલીલનું પ્રામાણ્ય નક્કી કરો :

$A \& B$

$\therefore B \& A$ - પ્રમાણભૂત.

નીચે આપેલાં પ્રશ્નનો જવાબ આપો.

નોંધ — (માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થી માટે)

દલીલ માટેનું રૂપ એટલે શું ? પ્રમાણભૂત દલીલ અને અપ્રમાણભૂત દલીલની લાક્ષણિકતાઓ જણાવો.

47) નીચેની રૂપલક્ષી સાબિતીમાં ખાલી જગ્યા પૂરો :

| | | |
|---|---|---|
| (1) | $A \to B$ | P |
| (2) | $C \to D$ | P |
| (3) | $\sim D \& \sim B$ | $P / \therefore (\sim A \& \sim C) \vee P$ |
| (4) | $\sim B$ | ________ |
| (5) | $\sim A$ | ________ |
| (6) | $\sim D$ | ________ |
| (7) | $\sim C$ | ________ |
| (8) | $\sim A \& \sim C$ | ________ |
| (9) | $(\sim A \& \sim C) \vee P$ | ________ |

48) નીચેની દલીલ પ્રમાણભૂત છે. એમ રૂપલક્ષી સાબિતી રચીને સિદ્ધ કરો :

$(P \vee Q) \to (T \vee S)$

$\sim N \& \sim M$

$N \vee \sim (T \vee S)$

$H \to (P \vee Q)$

$\therefore \sim H \& \sim M$

49) નીચેના સંવિધાનની આકૃતિ અને ભેદ દર્શાવી તેમના પ્રામાણ્યની તપાસ કરો :

સર્વ મિતભાષી શાંતિપ્રિય છે.

સર્વ મિતાહારી શાંતિપ્રિય છે.

∴ સર્વ મિતાહારી મિતભાષી છે.

નીચે આપેલાં પ્રશ્નનો જવાબ આપો.

નોંધ : (માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થી માટે)

પક્ષાતિક્રમનો દોષ ઉદાહરણ સહિત સમજાવો.

50) નીચેના સંવિધાનની આકૃતિ અને ભેદ દર્શાવી તેમના પ્રામાણ્યની તપાસ કરો :

કોઈપણ ભારતીય અમેરિકન નથી.

સર્વ ગુજરાતી ભારતીય છે.

∴ કોઈપણ ગુજરાતી અમેરિકન નથી.

નીચે આપેલાં પ્રશ્નનો જવાબ આપો.

નોંધ : (માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થી માટે)

નિરૂપાધિક સંવિધાન એટલે શું ? નિરૂપાધિક સંવિધાનનું બંધારણ સમજાવો.

51) ટૂંકનોંધ લખો : "સાદી ગણના મૂલક વ્યાપ્તિની મર્યાદા"

52) નીચેના પ્રાતિક રજૂઆતોમાંથી પ્રત્યેક અંગે તે કઈ વ્યાપ્તિ રીતિની છે તે ઓળખાવો.

1. A B C ——— a b c

B એ b નું અગાઉથી જાણેલું કારણ

C એ c નું અગાઉથી જાણેલું કારણ

---

∴ a એ A નું પરિણામ

2. A B C D ——— a b c d

B C D ——— b c d

---

∴ A એ a નું કારણ

3. ભાવાત્મક ઉદાહરણ — અભાવાત્મક ઉદાહરણ

A B C ——— a b c — B C ——— b c

A D E ——— a d e — D E ——— d e

---

∴ a એ A નું પરિણામ

53) વૈરાગ્ય ધાર્મિક જીવનની અનિવાર્યતા છે. સમજાવો.

54) ધર્મહીન માણસો પશુઓ જેવા જ છે. તમારો મંતવ્ય જણાવો.

55) હિન્દુ, જૈન અને ખ્રિસ્તી ધર્મના ધર્મગ્રંથો (શાસ્ત્રો) ના નામ લખો.

56) બૌદ્ધ, ખ્રિસ્તી અને શિન્તો ધર્મના નૈતિક સિદ્ધાંતો લખો.

57) પાંચ યમની સંક્ષેપમાં સમજૂતી આપો.

58) આસન એટલે શું ? યોગાસનોના ફાયદા વર્ણવો.

## વિભાગ - E

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 59 થી 64 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 4 પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. દરેકના 5 ગુણ છે.** [20]

59) '→' નું તાર્કિક સ્વરૂપ સત્યતાકોષ્ટકની મદદથી સ્પષ્ટ કરો અને શરતી વિધાનનું લક્ષણ જણાવો.
નીચે આપેલાં પ્રશ્નનો જવાબ આપો.
નોંધ : (માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થી માટે)
વિધાન માટેના પરાયત્ત રૂપની સમજૂતી આપો.

60) સત્યતાકોષ્ટકની મદદથી '∨' નું લક્ષણ અને તેના તાર્કિક સ્વરૂપની સમજૂતી આપો અને વિકલ્પનું લક્ષણ લખો.
નીચે આપેલાં પ્રશ્નનો જવાબ આપો.
નોંધ : (માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થી માટે)
વિધાનપરક અચલ અને વિધાનપરક પરિવર્તી વચ્ચેનો તફાવત જણાવો.

61) નીચેની દલીલની પ્રાતિક રજૂઆત કરો અને સત્યતાકોષ્ટકની પ્રત્યક્ષ રીતનો ઉપયોગ કરી તેનું પ્રામાણ્ય નક્કી કરો :
કાં તો સત્યની જીત થાય છે અથવા સત્યનો પરાજય થાય છે.
સત્યનો પરાજય થતો નથી
તેથી સત્યની જીત થાય છે.
નીચે આપેલાં પ્રશ્નનો જવાબ આપો.
નોંધ : (માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થી માટે)
દલીલના રૂપનું સ્થાનાપત્તિ નિદર્શન સમજાવો.

62) અનુમાનના પ્રકારો ઉદાહરણ આપી સમજાવો.

63) જગતમાં વિદ્યમાન ધર્મો અને તેમના સ્થાપકોના નામ લખો.

64) "સર્વધર્મ સમભાવ" વિશે સમજૂતી આપો.

◆◆◆